# ધોરણ – 11-12
# ગુજરાતી (દ્વિતીય ભાષા) (008)
## અભ્યાસક્રમ સંરચના

### ભૂમિકા :

રાષ્ટ્રીય અભ્યાસક્રમ દસ્તાવેજ - NCF-2005 એ અભ્યાસક્રમના ચાર પરિચિત ક્ષેત્રોનાં પરિવર્તનો પર ભાર મૂક્યો છે. તે ક્ષેત્રો ભાષા, ગણિત, વિજ્ઞાન-ટેક્નોલૉજી અને સામાજિક વિજ્ઞાન છે. મહત્ત્વની વાત એ છે કે, આ ચારે વિષયોની દીવાલોને નાબૂદ કરવા માટે તે વિષયોનું શિક્ષણ જે માધ્યમ દ્વારા આપવામાં આવે છે તે ભાષાનું મૂલ્ય ઓછું આંકી શકાય એમ નથી. એ માટે ત્રિ-ભાષા ફૉર્મ્યુલાને લાગુ કરવાના નૂતન પ્રયાસો હાથ ધરવાનું દર્શાવવામાં આવ્યું છે, જેમાં આદિવાસી ભાષાઓ સહિત માતૃભાષાઓને શૈક્ષણિક માધ્યમના રૂપમાં સ્વીકૃતિ આપવાનું દર્શાવવામાં આવ્યું છે. બાળકોમાં બહુભાષિક દક્ષતા તેમજ અન્ય ભાષાઓની સજ્જતા પર ભાર મૂકવામાં આવ્યો છે. તે માટે ભારતીય સમાજનો બહુવ્યાપક ઉપયોગ કરવાની ખાસ જરૂર છે. ભારતમાં જે ભાષા બાહુલ્ય-વૈવિધ્યતા છે. તેનાથી પરિચિત થાય. ગુજરાતી ભાષા શીખતાં અન્ય ભાષાઓના વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષા શીખવા એક વિવેકપૂર્ણ ભાષાશિક્ષણ પદ્ધતિનો આધાર વિકસાવવાની જરૂર છે.

સામાજિક ન્યાય અને સમાનતાનાં મૂલ્યો પર આધારિત એક ધર્મનિરપેક્ષ, ક્ષમતામૂલક અને બહુલતાવાદી દૃષ્ટિકોણથી પ્રેરિત શૈક્ષણિક દસ્તાવેજમાં વ્યાપક ઉદ્દેશો દર્શાવવામાં આવ્યા છે. એમાં વિચાર અને કર્મની સ્વતંત્રતા, અન્ય પ્રત્યે ભલાઈભાવના અને સહિષ્ણુતા, સંવેદનશીલતા સાથે સાંપ્રત કે આવતી પરિસ્થિતિ સામેનો રચનાત્મક અભિગમ અપેક્ષિત છે. તનાવયુક્ત શિક્ષણમાંથી વિદ્યાર્થીઓને મુક્ત અને સકારાત્મક વિચારોથી અભિમુખ કરવા NCF કરવા દસ્તાવેજે ચાર નિર્દેશક સિદ્ધાંતોનો પ્રસ્તાવ મૂક્યો છે.

(1) જ્ઞાનને શાળા બહારના જીવન સાથે જોડવું.
(2) ગોખણપટ્ટી આધારિત શિક્ષણપદ્ધતિનો ત્યાગ કરવો.
(3) પાઠ્યપુસ્તકને વળોટીને અભ્યાસક્રમ વિશેષ રીતે સમૃદ્ધ થાય.
(4) પરીક્ષાને વધારે લચિલી બનાવી જે તે કક્ષાની ગતિવિધિ સાથે જોડવી.
(5) વિદ્યાર્થીની સમજ કેળવાય અને તે સર્જનાત્મકતા તરફ અભિમુખ થાય તેમ કરવું.

ગુજરાતી ભાષાને બીજી ભાષા તરીકે શીખનાર વિદ્યાર્થી સમાજ દ્વારા ગુજરાતી ભાષાનો સંપર્ક કેળવે એ એક બાબત છે, પરંતુ ગુજરાતી સાહિત્યનો તેમજ ઔપચારિક ગુજરાતીનો પરિચય વર્ગશિક્ષણ તેમજ રેડિયો, ટેલિવિઝન, વર્તમાનપત્ર, સામયિક જેવાં સમૂહ માધ્યમો દ્વારા પણ મેળવે છે. ગુજરાતી માધ્યમ સિવાયના વિદ્યાર્થીઓ પોતાની જે કુશળતાથી અભિવ્યક્તિ સાધે છે એ રીતે દ્વિતીય ભાષાની અભિવ્યક્તિ કેળવવા આ મહત્ત્વનાં માધ્યમો છે. જેની માતૃભાષા ગુજરાતી ભાષા સિવાયની છે તેવાં વિદ્યાર્થીઓ માટે એવા અભ્યાસક્રમની રચનાની જરૂરિયાત છે કે જેથી તેના જ્ઞાનને વિકસાવી શકે. એક વિદ્યાર્થી જ્યારે બીજી ભાષા શીખે ત્યારે માત્ર ભાષા જ શીખતો નથી, પણ બીજી સંસ્કૃતિની વિશેષતાઓથી પરિચિત થાય છે. પણ જાણકારી મેળવે છે, કારણ કે ભાષા એ સંસ્કૃતિની વાહક છે.

### * ભાષાશિક્ષણના સામાન્ય હેતુઓ :

(1) ગુજરાતી ભાષાની ઉચ્ચારણવિષયક સજ્જતા તેમજ લેખનવિષયક સજ્જતા કેળવે.
(2) ગુજરાતી ભાષાના વ્યાવહારિક વ્યાકરણનો પરિચય કેળવે અને એનો કુશળતાથી વ્યવહારમાં ઉપયોગ કરે.
(3) શિષ્ટ ગુજરાતી ભાષામાં વાતચીત કરવાનું કૌશલ્ય કેળવે.
(4) ગુજરાતી ગદ્ય-પદ્ય સાહિત્ય વાંચીને સરળતાથી તેનો આસ્વાદ મેળવી શકે.
(5) માતૃભાષામાંથી ગુજરાતીમા તેમજ ગુજરાતીમાંથી પોતાની માતૃભાષામાં અનુવાદની ક્ષમતા કેળવે.

(6) ગુજરાતી ભાષા દ્વારા ગુજરાતનાં ભવ્ય વારસાનો પરિચય મેળવી શકે.

(7) સર્જકનાં ભાવવિચારો, અનુભવોને જીવનમાં ઉતારી ઉત્તમ નાગરિક બને. (ઉ.દા. ગાંધીજીની આત્મકથા- "સત્યના પ્રયોગો")

(8) પોતાની માતૃભાષા અને ગુજરાતી ભાષાના સમાન જણાતા શબ્દોના અર્થભેદ અને વપરાશભેદ સમજે.

(9) સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા પોતે ભાષાવિકાસ સાધે.

(10) સાહિત્યનાં વિવિધ સ્વરૂપો દ્વારા સૌંદર્ય કે રસાસ્વાદ કેળવે.

## * ભાષાશિક્ષણના વિશિષ્ટ હેતુઓ :

### (1) શ્રવણ કૌશલ્ય :

(1) ગુજરાતી ભાષાના ધ્વનિઓનું ઉચ્ચારણ સંવૃત વિવૃત એ/ઓ, ઍ/ઑ, સંયુક્તાક્ષરો ક્ષ, જ્ઞ, ત્ર, સ્ર

(2) સરળ કવિતાઓ સમજી શકે.

(3) રેડિયો, દૂરદર્શન પરના આનંદ અને જ્ઞાનપ્રાપ્તિ માટેના કાર્યક્રમો જુએ, સમજે.

(4) માનવીય સંવેદનાઓ સાંભળીને તેમને મદદરૂપ થઈ શકે.

### (2) કથન કૌશલ્ય :

(1) કોઈ પણ વિષય પર વિદ્યાર્થી સરળતાથી વક્તવ્ય આપી શકે અથવા ચર્ચામાં ભાગ લઈ શકે.

(2) સંવાદ તેમજ નાટકમાં ભાગ લઈ શકે.

(3) સંવાદ કે હકીકતોને સાંભળીને તે અંગે પૂરક પ્રશ્નો પૂછવાની ક્ષમતા કેળવે.

(4) સામાજિક સ્તરના ભેદો પ્રમાણે પરિસ્થિતિ, સંદર્ભ કે વાતચીત કરવાની ક્ષમતા દ્વારા પોતાના ભાવવિચારને પ્રગટ કરતાં શીખે.

(5) પરિસ્થિતિ, સંદર્ભ, સામાજિક સ્તરના ભેદો મુજબ તે શ્રોતાઓની મનોદશાને અનુરૂપ વાતચીતની ક્ષમતા કેળવે.

(6) કાવ્ય, પાઠ અને કથયિતવ્યના ભાવ અનુસાર આરોહ-અવરોહ કરતાં શીખે.

(7) સમૂહ માધ્યમોના ઉપયોગથી પોતાની ભાષાને સ્પષ્ટ, સરળ, સાહજિક, તત્કાલીન સમયાનુસાર અભિવ્યક્તિ કરતા શીખે.

### (3) લેખન કૌશલ્ય :

(1) વ્યાકરણમાન્ય વાક્યોનો ઉપયોગ વિદ્યાર્થી કરે.

(2) વિવિધ પ્રયોજનો, પ્રશ્નાર્થ, ઉદ્ગાર, આજ્ઞાર્થ પ્રાર્થના, વિનંતી માટે ભાષાનો ઉપયોગ કરતા શીખે.

(3) અનુભવોને યથોચિત શબ્દપ્રયોગ દ્વારા વ્યક્ત કરવાની ક્ષમતા વિદ્યાર્થી કેળવે.

(4) સંવાદ કરવાની કળા શીખે.

### (4) વાચન કૌશલ્ય :

(1) વર્ણ, અક્ષર, મરોડ, શબ્દ, જોડણી, વિરામચિહ્નો, શબ્દ-શબ્દો વચ્ચેની જગ્યા તેમજ ઉદ્ગાર વાક્ય, પ્રશ્નાર્થ વાક્ય સમજે.

(2) પત્ર વ્યવહાર, અરજી તૈયાર કરી શકે.

(3) સ્વાનુભવના આધારે સંસ્મરણો કે પ્રવાસ વર્ણન કરી શકે.

(4) વિદ્યાર્થી જાતે શીખે, પ્રશ્ન કરે કે પૂછે કે લખે તે અહીં અપેક્ષિત છે. આ પ્રશ્નની ક્ષમતા વિકાસને માટે તે ઈલેક્ટ્રોનિક મીડિયા, કમ્પ્યૂટર, એસએમએસ, નેટ, ઈ-મેઈલ જેવાં ઉપકરણોનો ઉપયોગ કરી શકે.

# ધોરણ-11 : વ્યાકરણ અને લેખન

## વ્યાકરણ :

(1) વાક્યના પ્રકારો : સાદું, સંયુક્ત, સંકુલ, મિશ્ર

(2) શબ્દવિષયક સજ્જતા : સમાનાર્થી અને વિરુદ્ધાર્થી

(3) શુદ્ધ-અશુદ્ધ વાક્યરચના

(4) શબ્દ-ઘડતર - શબ્દસમૂહ માટે એક શબ્દ

(5) વિરામચિહ્નોનો યોગ્ય ઉપયોગ

(6) તત્સમ્, તદ્ભવ શબ્દો, વાક્યરચના, સમાસ, સંધિ, જોડણી, કહેવત, રૂઢિપ્રયોગ

## લેખન :

(1) નિબંધ લેખન - મુદ્દા આધારિત

(2) અહેવાલ લેખન

(3) અરજી

(4) વિચાર-વિસ્તાર પદ્યાંશનો ભાવાર્થ

(5) સંક્ષેપીકરણ - અંગ્રેજીમાં આપેલા પરિચ્છેદનું સીધું ગુજરાતીમાં સંક્ષેપીકરણ કરે.

(6) ગદ્યાર્થગ્રહણ (અપઠિત)

(7) એક અંગ્રેજી પરિચ્છેદનું ગુજરાતીમાં ભાષાંતર કરો.

## મૂલ્યાંકન :

→ 70 % પરીક્ષા દ્વારા મૂલ્યાંકન, 50 % પાઠ્યપુસ્તક આધારિત અને 50 % લેખન-અનુવાદ-વ્યાકરણ ઉપરના પ્રશ્નોને ફાળવવા.

→ 30 % શ્રવણ - સમૂહમાધ્યમોનું શ્રવણ

**કથન** - પ્રાર્થનાસભા, વર્ગખંડ અને વક્તૃત્વ જેવી સ્પર્ધાઓ

**વાચન** - પુસ્તકાલયનો ઉપયોગ, વર્ષમાં એક પુસ્તકનો પરિચય

**લેખન** - જે તે પાઠના સર્જકની અન્ય કૃતિઓનું વાંચન, દૈનિક ડાયરી, જે તે પાઠના સર્જકોના પ્રૉજેક્ટ તૈયાર કરવા.

# ધોરણ-12 : વ્યાકરણ અને લેખન

**વ્યાકરણ :**

(1) સમાનાર્થી (શબ્દવિષયક સજ્જતા)

(2) વિરુદ્ધાર્થી (શબ્દવિષયક સજ્જતા)

(3) સંયોજકોનો ઉપયોગ, વાક્ય સંયોજકો

(4) સાદું, સંયુક્ત અને સંકુલ વાક્યરચના

(5) પદક્રમ અને પદસંવાદ

(6) અનુગો અને નામયોગી

(7) વિરામચિહ્નો

**લેખન :**

(1) સંક્ષેપીકરણ-અંગ્રેજીમાં આપેલા પરિચ્છેદનું સીધું ગુજરાતીમાં સંક્ષેપીકરણ કરવાનું પૂછવું.

(2) અનુવાદ

(3) નિબંધ લેખન

(4) અર્થ-વિસ્તાર

(5) અહેવાલ લેખન

(6) ગદ્યાર્થગ્રહણ (અપઠિત)

(7) વાર્તાલેખન/પત્રલેખન

**મૂલ્યાંકન :**

→ 70 % પરીક્ષા દ્વારા મૂલ્યાંકન, 50 % પાઠ્યપુસ્તક આધારિત પ્રશ્નો અને 50 % લેખન અનુવાદ-વ્યાકરણના પ્રશ્નો પૂછવા.

→ 30 % **શ્રવણ** - સમૂહમાધ્યમોનું શ્રવણ

**કથન** - પ્રાર્થનાસભા, વર્ગખંડ અને વકતૃત્વ જેવી સ્પર્ધાઓ

**વાંચન** - પુસ્તકાલયનો ઉપયોગ, વર્ષમાં એક પુસ્તકનો પરિચય

**લેખન** - જે તે પાઠના સર્જકની અન્ય કૃતિઓનું વાંચન, દૈનિક ડાયરી, જે તે પાઠના સર્જકોના પ્રૉજેક્ટ તૈયાર કરવા.

## મૂલ્યપરક વિષયો :

સ્વચ્છતા, સચ્ચાઈ, શિષ્ટાચાર, સેવાભાવના, સહયોગ, કરુણા, મૈત્રી, સમયપાલન, નિયમિતતા, ઉદારતા, સાહસ, વિવેકશીલતા, આજ્ઞાપાલન, નમ્રતા, સાદગી, નીડરતા, આદરભાવ, સહિષ્ણુતા, શ્રમ, નેતૃત્વ, સદાચાર, પ્રેમ, અહિંસા, સહનશીલતા, નિષ્ઠા, પ્રામાણિકતા, દેશપ્રેમ, ધર્મનિરપેક્ષતા, કર્તવ્યભાવના, ધૈર્ય વગેરે મૂલ્યો વિદ્યાર્થીના વય અને કક્ષાનુસાર ધ્યાનમાં લેવા.

## મૌખિક અભિવ્યક્તિ :

અભ્યાસક્રમમાં મૌખિક અભિવ્યક્તિનું સ્થાન પણ હોવું જોઈએ. મૌખિક અભિવ્યક્તિ વ્યાપક છે, એટલી જ પ્રભાવક છે. પારિવારિક કે સામાજિક સ્તરે થતો વાર્તાલાપ કે સામાજિક-સાંસ્કૃતિક ક્ષેત્રે થતું વૈચારિક આદાન-પ્રદાન મૌખિક રીતે થાય છે. વ્યક્તિના ભાવવિચાર કે સંવેદનની મોટા ભાગની અભિવ્યક્તિ મૌખિક અભિવ્યક્તિ છે. આમ, ભાષા યથાર્થરૂપે એટલે કે વાસ્તવિક સ્વરૂપે મૌખિક અભિવ્યક્તિરૂપે પ્રગટ થાય છે.

## જીવનકૌશલ્યો :

અભ્યાસક્રમમાં પર્યાવરણ વ્યવસ્થાપન, સમય વ્યવસ્થાપન, નાણાં વ્યવસ્થાપન, તણાવ વ્યવસ્થાપન, આરોગ્ય વ્યવસ્થાપન, આપત્તિ વ્યવસ્થાપન જેવાં જીવનકૌશલ્યોને વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરે અને જીવન વ્યવહારમાં પ્રયોજે.

## પાઠ્યપુસ્તક સાહિત્ય સામગ્રી :

* **ગદ્ય :** લઘુકથા, એકાંકી, રેખાચિત્ર, નવલિકા, આત્મકથાખંડ, નવલકથા-અંશ, વ્યક્તિચરિત્ર, નિબંધ વગેરે જેવાં ગદ્ય સ્વરૂપો
* પદ્ય : ગીત, સૉનેટ, લોકગીત, કથાકાવ્ય, જેવાં પદ્ય સ્વરૂપો
* ધોરણ 11 અને 12 માં એકમની સંખ્યા 20 અપેક્ષિત છે. પદ, ગરબી, છપ્પા, આખ્યાન કાવ્ય જેમાં ગદ્ય કૃતિઓ 12 + પદ્યકૃતિઓ 08 = 20 જેમાં દરેક ધોરણમાં એક કૃતિ અંગ્રેજીમાંથી મૂળ સાથે અનુવાદરૂપે અને એક કૃતિ હિન્દીમાંથી મૂળ સાથે અનુવાદરૂપે સમાવવી. (બંને ધોરણમાં)

•••